Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેક્શન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS
Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૧ ● અંક : ૩૪ ● સળંગ અંક : ૧૦૭૨ ● પ્રકાશિત તા-૨૬-૬-૨૦૨૫,ગુરુવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

ADMISSION OPEN for JUNE 2025 (ધો-૧ થી ૧૨)
(Limited Seats Available)
ગુજરાતી માધ્યમ (માધ્યમિક વિભાગ)
હિન્દી માધ્યમ
લાયોનેસ કર્ણાવતી એમ.એચ.હિન્દી હાયર સેકન્ડરી સ્કુલ
પ્રવેશ માટે સંપર્ક કરો
ગણેશ કન્યા વિદ્યાલય
એમ.એચ.હિન્દી પ્રાઈમરી સ્કૂલ
મંગૂબા બાલવર્ગ
Ganesh Kanya Vidyalaya Campus, Nava Vadaj..
સંચાલકશ્રી ડો.અનિતાબેન પટેલ
કેમ્પસની એક મુલાકાત આપનો અભિગમ બદલી શકે છે.
આચાર્યશ્રી દિપકભાઈ પ્રેમજીભાઈ પટેલ
વધુ માહિતી માટે ઓફીસ ખાતે રૂબરૂ સંપર્ક આવકાર્ય છે (સવારે ૮ થી ૧૧)
નવા વાડજની એકમાત્ર અને સર્વશ્રેષ્ઠ હિન્દી માધ્યમની શાળા

Dr. RAVI'S Diabetes & Endocrinology Centre
UNIT OF JIGISHA HOSPITAL
Dr. Ravi Shah
MD (Medicine),DM (Endocrinology),
MRCP UK SCE (Endocrinology)
Consultant Endocrinologist
SUPER SPECIALIST DOCTOR FOR DIABETES, THYROID, AND OBESITY
- Type 1 & Type 2 Diabetes In People Of All Ages
- Diabetes Complications Management
- Type 1 Diabetes, Insulin Pump & Continuous Glucose Monitoring
- All Types Of Thyroid Disorders
- Diabetes And Thyroid Problems In Children And During Pregnancy
- Pcos ( Polycystic Syndrome)
- Short Height And Pubertal Disorders In Children
DR.RAVI SHAH
MD (Medicine),DM (Endocrinology),
MRCP UK SCE (Endocrinology)
Consultant Endocrinologist
Morning: 8:30 AM to 9:30 AM
Evening: 4:00 AM to 8:00 PM

Dr. SHIKHA'S Skin Clinic
SKIN · HAIR · LASERS · AESTHETICS
UNIT OF JIGISHA HOSPITAL
Dr. Shikha Shah
MD (Gold Medalist), DNB (Gold Medalist)
MRCP UK SCE (Dermatology)
Consultant Dermatologist
Specialist in Skin and Hair Problems
- Skin diseases like eczema, vitiligo psoriasis, fungal infections
- Pimples and Acne Treatment
- Pigmentation / Dark Spots
- Laser Hair Removal
- Anti-aging, Peels, Botox, Fillers
- Hair Fall Solutions Derma Roller, PRP, GFC Treatments
- Pediatric skin diseases
DR.SHIKHA SHAH
MD (Gold Medalist)
DNB (Gold Medalist)
MRCP UK SCE (Dermatology)
Consultant Dermatologist
OPD Timing: Evening 5 PM to 8 PM
For Appointment : 97370 54800
Shivalik Square, 301-C, Nr. Adani CNG Station, Ramapir Thekra, Nava Vadaj, Ahmedabad, Gujarat 380013

A PROJECT BY
SUN BUILDCON SINCE 1980
45TH YEAR ANNIVERSARY
www.sunbuildcon.com
MAA14578
https://gujrera.gujarat.gov.in
Suryansh SKYLINE
2 & 3 BHK
PODIUM LIVING AND RETAIL @ NARANPURA
રથયાત્રા સ્પેશ્યલ ઓફર
OFFER ONLY VALID TILL RATHAYATRA
BOOK BEFORE 27TH JUNE
આ કિંમત માં છેલ્લી તક!
2 BHK STARTING AT ₹65 LAKHS* *ALL INCLUSIVE
3 BHK AT ₹1.1 CR* *ALL INCLUSIVE
*T&C APPLY
SCAN QR FOR BROCHURE
+91 75007 79900 +91 75009 90044



જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## પૂર્વમાં ધમધોકાર તો પશ્ચિમમાં ધીમીધારે, સરેરાશ ૨ ઈંચ વરસાદમાં જળબંબાકાર

# અમદાવાદમાં મેઘરાજાની તોફાની બેટિંગ

અમદાવાદ : અમદાવાદ શહેરમાં વરસાદની ફરી ધમાકેદાર એન્ટ્રી કરી હતી. લાંબા સમય વિરામ લીધા બાદ મેઘરાજાની ફરી એકવાર પધરામણી થતા શહેરીજનોમાં ખુશીનો માહોલ છવાયો હતો. પહેલા અમદાવાદ પૂર્વમાં વરસાદ ખાબક્યો હતો. ત્યાર બાદ પશ્ચિમમાં પણ ધીમીધારે વરસાદ શરૂ થઈ ગયો હતો. જેનાં કારણે અનેક સ્થળોએ પાણી ભરાયા હતા. વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. જો કે વરસાદ પડવાથી ઠંડક થતા અમદાવાદીઓ બાકીનાં બીજા બધા જ દુઃખ ભુલીને મેઘરાજાને આવકારતા જોવા મળ્યા હતા. પ્રાપ્ત રિપોર્ટ મુજબ, શહેરમાં મોડી સાંજે વીજળીના કડાકા ભડકા સાથે વરસાદ તૂટી પડ્યો હતો. નરોડા, બાપુનગર, નિકોલ, રાણીપ, વાડજ, વસ્ત્રાપુર, બોપલ, પંચવટી, શીલજ એમ પૂર્વથી લઈ પશ્ચિમના લગભગ તમામ વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. વરસાદના કારણે અનેક જગ્યાએ પાણી ભરાયા હતા, જેના કારણે વાહન ચાલકોએ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. શહેરમાં બે કલાક જેટલા સમયમાં અઢી ઈંચ જેટલો વરસાદ ખાબકતા પાણી પાણી થઈ ગયું હતું. અનેક ટુ વ્હીલ વાહનો બંધ પડી ગયા હતા.

અમદાવાદના પૂર્વમાં મેઘરાજાની તોફાની બેટિંગ કરી હતી. મણિનગરમાં સૌથી વધુ ૫ ઈંચ વરસાદ નોંધાયો છે. ઓઢવમાં ૪.૫ ઈંચ, રખિયાલમાં ૪ ઈંચ વરસાદ.મેમ્કોમાં ૩.૫ ઈંચ, વિરાટનગરમાં ૩.૨ ઈંચ વરસાદ, નિકોલમાં ૩ ઈંચ, નરોડામાં ૨.૫ ઈંચ વરસાદ વરસ્યો, વટવા અને રામોલમાં ૨.૪ ઈંચ અને દૂધેશ્વરમાં ૨ ઈંચ વરસાદ નોંધાયો છે. ચાર કલાકના સરેરાશ માત્ર ૨ ઈંચ વરસાદમાં જ પૂર્વ અમદાવાદ પાણીમાં ડૂબ્યું છે. મણિનગરમાં સૌથી વધુ ૫ ઈંચ વરસાદ થતાં કમરસુધીના ભરાયા પાણી છે.

તો બીજી તરફ શહેરના પશ્ચિમ વિસ્તારમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. સેટેલાઈટ, પ્રહલાદનગર, જોધપુર, એલિસબ્રિજ, લાલ દરવાજા, પાલડી, જમાલપુર, મણિનગર, કાંકરિયા, રાણીપ, વાડજ, વસ્ત્રાપુર, બોડકદેવ, રિવરફ્રન્ટ સહિતના વિસ્તારમાં ભારે વરસાદ ખાબક્યો છે. બે થી ચાર ઈંચ જેટલો વરસાદ ખાબકતા પૂર્વના ઓઢવ, મણિનગર અને હાટકેશ્વર સહિતના વિસ્તારોમાં પાણી ભરાયા છે. શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે.

## ૩ દિવસમાં ત્રણ શહેરીજનો ખાડામાં પડતાં ઈજાગ્રસ્ત થયા

# 'મ્યુ ખાડા ખોદે અને પડે કોઈ માણસ'

અમદાવાદ : મ્યુ દ્વારા છેલ્લા ત્રણ મહિનામાં શહેરમાં ૨૨૦ જેટલી જગ્યાએ ખોદકામ કરાયા છે અને તે પૈકી કેટલીક જગ્યાએ કામ પુરા થયા નથી. શહેરમાં છેલ્લા ૩ દિવસમાં ખોદેલા ખરાબ રોડ ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા છે ચોમાસા પહેલા ખોદકામના અઘણડ આયોજનના કારણે લોકોએ ચોમાસા દરમિયાન પોતાનો જીવ ગુમવાવો પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. મ્યુ દ્વારા પૂર્વ વિસ્તારમાં નાના ચિલોડ પાસે ન્યું. શાહીબાગ વિસ્તારમાં કૈલાશ ઓજનસ ફ્લેટમાં રહેતા અરૂણભાઈ ભદોરીયા નામના વ્યક્તિ બે દિવસ પહેલા પોતે સોસાયટીમાંથી બાઈક લઈને બહાર નિકળ્યા હતા ત્યારે આગળ ખાડો હતો અને તેમાં પાણી ભરાયેલું હતું તેમને ખબર ન રહી અને થોડું આગળ ગયા ત્યારે ખાડામાં બાઈકનો આગળનો ભાગ અંદર જતા રહેતા તેઓ નીચે પડી ગયા હતા અને બાઈક તેમના ઉપર પડતા પગના ભાગે ફ્રેક્ચર થઈ ગયું હતું. આમ, 'ખાડો ખોદે તે પડે'એ કહેવતને બદલીને 'મ્યુ ખાદા ખોદે અને પડે કોઈ'એવી નવી કહેવત લાગુ પડે તેવું ચર્ચાઈ રહ્યુ છે. ચોમાસામાં મ્યુ ના પાપે નાગરિકો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડશે શહેરમાં શનવિરા દિવસ દમરિયાન વરસાદના હળવાથી ભારે ઝાપટાં વરસ્યા હતા અને સરેરાશ અડધા ઈંચ જેટલો વરસાદ અને સરેરાશ અડધાઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. શહેરના કોતરપુરમાં સૌથી વધુ ૧૩.૫૦ અને રાણિપમાં ૧૩ મિમિ. વરસાદ વરસ્યો હતો. સારંગપુર બ્રિજ પાસે ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી હજી પણ ચાલી રહી છે અને નજીકમાં રહેતી એક ૪ વર્ષની નાની બાળકી ખાડામાં પડી જતા તેને મોઢાના ભાગે ઈજા થઈ હતી. મોઢાના ભાગે તેને ત્રણથી ચાર ટાંકા પણ લેવા પડ્યા હતા. નિકોલમાં ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે અને તેમાં પાણી ભરાવાને કારણે એક બાઈક ચાલક ખાડામાં ઉતરી ગયો તો જો કે સ્થાનિક લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને તેને બહાર કાઢી લીધો હતો. બીજી તરફ આ જગ્યા પરથી એક કાર ચાલક પસાર થયો હતો તેને પણ આ ખાડો દેખાયો નહોતો જેથી ડાબી તરફનો ગાડીનો ભાગ ખાડામાં પડ્યો હતો. જેના કારણે ગાડી એક તરફ નમી ગઈ હતી. અને તેનો બચાવ થયો હતો.

## અમદાવાદમાં રથયાત્રાને પગલે

# ૨૬મી ૧૨ વાગ્યા રાતથી ૨૭મી એ રથયાત્રા પૂર્ણ ન થાય આ રસ્તા રહેશે બંધ

અમદાવાદ : ભગવાન જગન્નાથની રથયાત્રાને હવે ગણતરીનો સમય બાકી છે. શુક્રવારે (૨૭ જૂન) ભગવાન જગન્નાથ ભક્તોને દર્શન આપવા માટે નગરયાત્રાએ નીકળશે. જેને લઈને મંદિર ટ્રસ્ટ તેમજ પોલીસ તંત્ર દ્વારા સંપૂર્ણ વ્યવસ્થા કરી દેવામાં આવી છે. રથયાત્રાના દિવસે મુશ્કેલી ન પડે તે માટે અમદાવાદ પોલીસે અમુક વિસ્તારોને 'નો પાર્કિંગ ઝોન' જાહેર કર્યા છે. અમદાવાદ પોલીસ કમિશ્નર જી. એસ મલિક દ્વારા આ અંગે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

જાહેરનામા અનુસાર, અમદાવાદ શહેરમાં જગન્નાથ મંદિરની ૧૪૮મી રથયાત્રા નિમિત્તે અમુક વિસ્તારોના જાહેર માર્ગો ૨૬ જૂન રાત્રે ૧૨ વાગ્યાથી 'નો પાર્કિંગ ઝોન' રહેશે.જમાલપુર દરવાજા બહાર જગન્નાથ મંદિરથી જમાલપુર ચકલા, વૈશ્યસભા, ખમાસા, ગોળલીમડા, આસ્ટોડિયા ચકલા, (બી.આર.ટી.એસ. રૂટ સહિત) મદનગોપાલની હવેલી, રાયપુર ચકલા, ખાડિયા જૂની ગેટ, ખાડિયા ચાર રસ્તા, પાંચકૂવા, કાલુપુર સર્કલ, કાલુપુર ઓવરબ્રિજ, સરસપુર, પ્રેમ દરવાજા, જોર્ડનરોડ, બેચર લશ્કરની હવેલી, દિલ્હી ચકલા, હલીમની ખડકી, શાહપુર દરવાજા, શાહપુર ચકલા, રંગીલા ચોકી, ઔત્તમ પોળ, આર. સી. હાઈસ્કૂલ, દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ, પાનકોરનાકા, ફુવારા, ચાંદલા ઓળ, સાંકડી શેરીના નાકે થઈ માણેકચોક શાક માર્કેટ, દાણાપીઠ, ખમાસાથી જગન્નાથ મંદિર સુધીનો વિસ્તાર નો પાર્કિંગ ઝોન રહેશે. નોંધનીય છે કે, આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને ૨૬ જૂને રાત્રે ૧૨ વાગ્યાથી લઈને ૨૭ જૂને રથયાત્રા પૂર્ણ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

ઉત્તરાયણ નિમિત્તે ઉધીંયુ અને જલેબી મળશે

વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૨૦ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ચીકી, લીલવાની કચોરી, તલના લાડુ અને મમરાના લાડુ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.

ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

NIRMAN REALTY
WE BUILD TRUST & RELATIONS
Looking to Redevelop Your Building?
Trust the Experts at Nirman Realty!
Transparent deal
Expert team
10+ years experience in redevelopment
Associated with well-known & experienced developers
Good knowledge about legality & land revenue
Other service :
Land
Jv Project
Property
nirmanrealty
Nirman Realty
https://nirmanrealty.in
MEMBERS OF
ARA NAR Registered in : RERA
For any query & inquiry
+91 9601772777

## રાજ્યમાં ચોમાસા પૂર્વે ૫૫૦ કોલોનીમાં ૭૦ હજારથી વધુ નોટિસ ફટકારી

# હાઉસિંગ બોર્ડ દ્વારા શહેરની ૧૨૫ કોલોનીમાં ૪૦ હજાર જર્જરિત મકાનોને નોટિસ

### જર્જરિત મકાનમાં કોઈ ઘટના બને તો માલિક જવાબદાર : ગુજરાત હાઉસિંગ બોર્ડ

ગુજરાત હાઉસિંગ બોર્ડે સમગ્ર રાજયમાં ૫૫૦થી વધુ કોલોનીમાં ૭૦ હજારતી વધુ જર્જરિત મકાનોને નોટિસ ફટકારી સપાટો બોલાવ્યો છે. અમદાવાદની ૧૨૫ કોલોનીના ૪૦ હજારતી વધુ જર્જરિત મકાનોને નોટિસ ફટકારીને ચોમાસા પૂર્વેની કાર્યવાહી હાથ ધરી છે. નોટિસનો આંકડો વધશે. બોર્ડના કહેવા મુજબ જર્જરિત મકાનમાં કોઈ ઘટના બને તો માલિક જવાબદાર ઠેરશે. બોર્ડની ઘણી કોલોનીઓ ગતવર્ષે રિડેવલપમેન્ટની પ્રક્રિયામાં જોડાઈ ગઈ છે. જેની સામે બાકી રહેતી સોસાયટીઓમાં જર્જરિત મકાનોની સંખ્યા વધી રહી છે. ચોમાસામાં ઘણા મકાનો પડી જવાની શક્યતાના પગલે બોર્ડે પગલાં ભર્યા છે. ગત વર્ષે પણ ચોમાસા પૂર્વે જર્જરિત મકાનનો ભાગ પડી જવાની ઘટના બની હતી. દર વર્ષે નોટિસ અપાય છે પણ કોઈ નક્કર કાર્યવાહી થતી નથી કારણ કે મકાનમાં કોઈ પણ અઘટિત ઘટના બને તો જવાબદાર મકાન માલિક જ જવાબદાર ઠરે છે. જેથી બોર્ડના અધિકારીઓ નોટિસ આપીને શાંતિથી બેસી રહે છે. નોટિસમાં બોર્ડે જર્જિરત મકાનો ધરાવતા મકાન માલિકો અને સોસાયટીના લોકો જર્જરિત મકાન રિપેર કરાવે, અન્ય સ્થળે સ્થળાંતર થઈ જાય અને બહુમત સાથે રિડેવલપમેન્ટમાં જોડાઈ જાય. નોટિસની નકલ મ્યુનિ. કોર્પોરેશનને પણ રવાના કરાશે. બોર્ડના ઉચ્ચ અધિકારીઓએ કહ્યું કે, નોટિસ આપ્યા પછી મકાન ખાલી કરાય નહીં અને જર્જરિત મકાનોમાં કોઈ અઘટિત ઘટના બને તો બોર્ડની કોઈ જવાબદારી રહેશે નહીં. અગાઉ સરકારમાં પણ આ અંગે જાણ કરાઈ છે. આમ છતાં મકાન માલિકો રિપેરીંગ નહીં કરાવતા હોવાનું જાણવા મળ્યું છે. કેટલાકમાં તો આખા બિલ્ડીંગોમાં તિરાડ પડી છે. ઘણા ફ્લેટોમાં તો કોમન પાણીની ટાંકીઓ સહિત કેટલોક ભાગ અતિ જર્જરિત હોવાના લીધે ગમે ત્યારે તૂટી જવાની શક્યતા છે. ગેરકાયદે બાંધકામ પણ વધી ગયા છે અને હાલ બાંધકામ થઈ રહ્યા છે. આવા બાંધકામોને લીધે રિડેવલપમેન્ટની પ્રક્રિયામાં અવરોધ આવી રહ્યો છે આમ છતાં તેને રોકવામાં આવતો નથી.

# ધારાસભ્યની રજૂઆત બાદ મુખ્યમંત્રીએ રૂ.૧૩૩ કરોડ મંજૂર કર્યા

### નડિયાદના પ્રગતિનગરમાં ૯૦૦ આધુનિક સુવિધાસભર મકાનો બનશે

નડિયાદ : નડિયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈની સતત રજૂઆતો અને પ્રયાસોને પગલે પ્રગતિનગર હાઉસિંગ સોસાયટીના ૯૦૦ જર્જરિત મકાનોના સ્થાને નવા, આધુનિક સુવિધાસભર મકાનો બનાવવાનો માર્ગ મોકળો બન્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રોજેક્ટને 'ખાસ કેસ' ગણીને રૂ. ૧૩૩ કરોડની માતબર રકમ મંજૂર કરી છે.

મિડીયા રિપોર્ટ મુજબ, તાજેતરમાં નડિયાદ ખાતે આવેલ હાઉસિંગ બોર્ડના પ્રગતિનગરમાં મકાનો બનાવવા અંગે સ્થાનિક ધારાસભ્ય પંકજભાઈ દેસાઈની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગુજરાત હાઉસિંગ બોર્ડના હોદ્દેદારો અને અધિકારીઓ ઉપરાંત ગુજરાત હાઉસિંગ બોર્ડના એક્ઝિક્યુટિવ એન્જિનિયર અમિત માનગઢ, પ્રગતિનગર હાઉસિંગના પ્રમુખ રાઈમલ દરબાર અને યોગી કન્સ્ટ્રક્શનના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.



આ અગાઉ ૯ ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ પ્રગતિનગરના ત્રણ માળના કેટલાક જર્જરિત મકાનો ધ્વસ્ત થયા હતા. ત્યારથી લઈને અત્યાર સુધી પ્રગતિનગરના ૯૦૦ મકાનો ખાલી કરાવી દેવાયા હતા અને છેલ્લા છ વર્ષથી આશરે ૯૦૦ પરિવારો મકાનો વિના વંચિત હતા અને નવા ઘરની રાહ જોઈ રહ્યા હતા.

આ પ્રોજેક્ટ માટે અગાઉ ૧૦ થી ૧૨ વખત ટેન્ડરિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, પરંતુ વિવિધ એજન્સીઓ દ્વારા કામ શરૂ કરવામાં ન આવતા અત્યાર સુધી કામગીરી 'જેસે થે' સ્થિતિમાં હતી.

તત્કાલીન મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીએ પણ નવા મકાનો બનાવી આપવાની જાહેરાત કરી હતી, પરંતુ અમલીકરણમાં વિલંબ થયો હતો. જો કે હવે રાજ્ય સરકારે ખાસ કેસમાં ૧૩૩ કરોડ ફાળવી આપતા ૯૦૦ પરિવારોને તેમના ઘરનું ઘર મળશે. આ પ્રસંગે ધારાસભ્ય પંકજભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, "પ્રગતિનગરના રહેવાસીઓની સમસ્યાનું નિરાકરણ લાવવા માટે હું છેલ્લા ઘણા સમયથી પ્રયત્નશીલ હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો હું આભારી છું કે તેમણે આ મામલાને ગંભીરતાથી લીધો અને રૂ. ૧૩૩ કરોડ મંજૂર કરીને ગરીબ પરિવારોને ન્યાય અપાવ્યો. પ્રગતિનગરમાં ૧૮ બ્લોકમાં ૯૦૦ આધુનિક સુવિધાસભર મકાનો બનશે, જે સ્થાનિક લોકોને સુવિધાયુક્ત આવાસ પૂરા પાડશે.

## કિશોરો કેવા પ્રકારની કંટેટ જુવે છે, ઈન્સ્ટ્રાગ્રામ હવે એ.આઈ.ની મદદથી બાળકોની ઉંમરનું પણ નિરીક્ષણ કરશે !

કેલીફોનીયા : બાળકોનાં માનસીક સ્વાસ્થ્ય પર સોશીયલ મીડીયાની વિપરીત અસર અંગે વધી રહી છે. ઘણાં દેશોમાં ઉંમરની ચકાસણી માટે નવા કાયદાઓનો ઉપયોગ કરવામાં આવી રહયો છે.જો કે મેટા અને અન્ય કંપનીઓ ઈચ્છે છે કે એપ સ્ટોર પર ઉંમરની ચકાસણીની જવાબદારી મુકવામાં આવે. આ પડકારોર વચ્ચે મેટાના સોશીયલ મીડીયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર બાળકોની સુરક્ષાને મજબુત કરવા માટે એક નવું પગલું લેવામાં આવ્યું છે. હવે ઈન્સ્ટાગ્રામ આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ એઆઈ દ્વારા શોધી કાઢશે કે ટીનેજર્સ તેમની ઉંમર વિશે સાચી માહિતી આપી રહરયા છે. કે નહી. તે પણ ધ્યાનમાં લેવામાં આવશે કે કિશોરો ઈન્સ્ટાગ્રામ પર કેવા પ્રકારનું કન્ટેન્ટ જોઈ રહયાં છે. મેટા એ લોકોની ઉંમરનો અંદાજ કાઢવા માટે એઆઈનો ઉપયોગ કરી રહી છે. ઈન્સ્ટાગ્રામ હવે ટીનેજર્સ હોવાની શંકા તેના એકાઉન્ટસ પર ખાસ નજર રાખશે. ઈન્સ્ટાગ્રામ પર એકશન અંગેની વિડીયોઝ અથવા કોસ્મેટીક પ્રક્રિયાઓને પ્રોત્સાહન આપતી પોસ્ટસ મર્યાદીત રહરેશે. જો કોઈ કિશોરે ૧૦ મીનીટથી વધુ સળઈમય માટે ઈન્સ્ટાગ્રામ પર સક્રીય રહેશે. તો તેને એક સુચના મળશે. રશાત્રેર ૧૦થી સવારે ૭ વાગ્યા સુધી સ્લીપ મોડ રહરેશે. આ સબબ દરમ્યાન સુચનાઓ બંધ કરવામાં આવશે. અને સીધા સંદેશા પર ઓટો રીપ્લાય મોકલવામાં આવશે. આ ફેરફાર દ્વારા ટીનેજર્સને અનિચ્છનીય કન્ટેન્ટ અને બિનજરૂરી સ્કીનટઈમથી સુરક્ષીત કરવામાં આવશે. મેટાના જણાવ્યા અનુસાર એઆઈ વપરાશીઓને પ્રવૃત્તિઓને જોઈને તેમની ઉંમરનો અંદાજ લગાવાશે. જ્યારે એકાઉન્ટ બનાવવામાં આવ્યું ત્યારે તે ચેક કરવામાં આવશે. યુઝર કેવા પ્રકારનું કન્ટેન્ટ જુએ છે. અથવા લાઈક કરે છે. અને પ્રોફાઈલમાં શું માહિતી આપવામાં આવી છે. કંપની માતાપીતાને સુચનાઓ મોકલશે. જેમાં તેઓને તેમનાં બાળકો સાથે યોગ્ય વય આપવાનો મહત્વ વિશે વાત કરવાની સલાહ આપવામાં આવશે.

Digital India Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
CSC e-Governance Services India Limited
ડ્રાઈવીંગ લાયસન્સ
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
આયુષ્માન કાર્ડ
બેન્કીંગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

# RTE કાયદો બન્યો લાખો બાળકો માટે શિક્ષણનું કિરણ

## RTE હેઠળ પ્રવેશમાં ઐતિહાસિક વધારો, ૧૨ વર્ષમાં નામાંકન ૯૫ હજાર પહોચ્યું

દરેક માતા-પિતાનું સપનું હોય છે કે તેમનું બાળક સારી શાળામાં ઉત્તમ શિક્ષણ મેળવી પોતાના અને પરિવારના સપનાઓ પૂરા કરે. પરંતુ પરિવારની આર્થિક સ્થિતિની કારણે તેમનું આ સપનું સાકાર થઈ શકતું નથી. આવા પરિવારના બાળકો માટે RTE (Right To Education)નો કાયદો આશા-શિક્ષણનું કિરણ બની રહ્યો છે. ચાલુ શૈક્ષણિક વર્ષથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં RTE પ્રવેશ માટેની આવક મર્યાદામાં વધારો કરતો સંવેદનશીલ નિર્ણય લેવામાં આવ્યો છે. દેશના દરેક બાળકને શિક્ષિત બનાવવાનો લક્ષ્યાંક RTE કાયદાના અમલીકરણથી સિદ્ધ થઈ રહ્યો છે. શિક્ષણ મંત્રી ડો. કુબેર ડીંડોર અને રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયાના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં RTE ના કાયદા હેઠળ પ્રવેશ મેળવવા માટેની આવકમર્યાદા વધારીને રૂ. ૬ લાખ કરવામાં આવી છે. આ મહત્વપૂર્ણ નિર્ણયથી આ વર્ષે અંદાજિત ૪,૦૦૦થી વધુ બાળકો આ કાયદા હેઠળ ખાનગી શાળાઓમાં RTE હેઠળ વિનામૂલ્યે શિક્ષણનો લાભ મેળવી શકશે. અત્યાર સુધી આ કાયદા હેઠળ પ્રવેશ માટેની આવક મર્યાદા ગ્રામીણ કક્ષાએ રૂ. ૧.૨૦ લાખ અને શહેર વિસ્તારમાં રૂ.૧.૫૦ લાખ રાખવામાં આવી હતી. રાજ્ય સરકારે છેલ્લાં ૧૨ વર્ષમાં RTE પ્રવેશ અંતર્ગત છેવાડાના બાળકો સુધી ગુણવત્તાયુક્ત શિક્ષણને પહોંચાડવાનું કાર્ય કર્યું છે. ગુજરાત એ પહેલું રાજ્ય છે જ્યાં વિદ્યાર્થીઓને ગણવેશ, સ્કૂલબેગ, પાઠ્યપુસ્તક, ટ્રાન્સપોર્ટ અને અભ્યાસને લગતી આનુષાંગિક વસ્તુઓ ખરીદવા માટે પ્રતિવર્ષ વિદ્યાર્થીદીઠ રૂ.૩૦૦૦ની સહાય DBT મારફતે ચૂકવવામાં આવે છે. RTE કાયદા હેઠળ અત્યાર સુધીમાં રાજ્યના ૬ લાખથી વધુ વિદ્યાર્થીઓને કુલ રૂ.૧,૦૫૭ કરોડની સહાય આપવામાં આવી છે. RTE પ્રવેશ માત્ર વિનામૂલ્યે શિક્ષણની વ્યવસ્થા નથી, તે ગુજરાતના દરેક બાળકને યોગ્ય શિક્ષણ આપવાનો મહત્વનો સીમાચિન્હ કાયદો છે. રાજ્યમા વર્ષ ૨૦૧૩થી આ કાયદાની અમલવારી શરૂ કરવામાં આવી છે જે હેઠળ રાજ્ય સરકારે વિવિધ શાળાઓને કુલ રૂ. ૩,૭૨૩ કરોડની ગ્રાન્ટની ચુકવણી કરી છે જેમાં ફી રીએમ્બર્સ પેટે રૂ. ૨,૬૬૫ કરોડની તથા વિદ્યાર્થી સહાય પેટે રૂ.૧,૦૫૭ કરોડની ચૂકવણી કરી છે. વર્ષ ૨૦૧૩માં જ્યારે RTE કાયદા હેઠળ પ્રવેશ પ્રકિયા શરૂ થઈ ત્યારે માત્ર ૪૩૨ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. જ્યારે છેલ્લા ૧૨ વર્ષમાં આજે તે આંકડો વર્ષ ૨૦૨૪માં વધીને ૯૫ હજારથી પણ વધી ગયો છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે હ્ઈ કાયદા હેઠળ અત્યાર સુધીમાં ૯૫,૪૯૪ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. રાજ્યમાં RTE Act-૨૦૦૯ હેઠળ નબળા અને વંચિત જૂથના બાળકોને ધોરણ-૧માં ખાનગી બિનઅનુદાનિત શાળાઓમાં ૨૫ ટકા બેઠકો પર વિનામૂલ્યે પ્રવેશ આપવાની પ્રક્રિયા શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪થી અમલમાં છે. RTE પ્રવેશ રાજ્યના શિક્ષણ ક્ષેત્રે સામાજિક સમાનતા તરફ એક મજબૂત પગથીયું સાબિત થયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યના કેટલાક વાલીઓ દ્વારા પોતાની પસંદ કરેલી શાળાઓ જ પસંદ થવાનો આગ્રહ, ૬ કિમી ત્રિજ્યાની મર્યાદા હોવા છતાં દૂરની શાળાની પસંદગી, ભાષા માધ્યમને લઈ ગુજરાતી માધ્યમમાં આગ્રહ, અન્ય બાળકની શાળામાં જ બીજા બાળકને અભ્યાસ કરાવવો વગેરે જેવી નજીવા કારણોસર અનેક બાળકો RTE હેઠળ પ્રવેશથી વંચિત રહી જતા હોય છે.


## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો બે દિવસીય ગુજરાત પ્રવાસ, રથયાત્રાના દિવસે મંગળા આરતીમાં આપશે હાજરી



અમદાવાદ : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વધુ એક વખત ગુજરાતના પ્રવાસે આવશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતના બે દિવસના પ્રવાસે આવવાના છે. અમિત શાહ ૨૬ જૂને સાંજે અમદાવાદ પહોંચશે. અમદાવાદ ખાતે યોજાનાર ૧૪૮ મી રથયાત્રામાં કેન્દ્રીય ગૃહમંત્રી હાજરી આપશે. પ્રાપ્ત રિપોર્ટ મુજબ, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ એકવાર ફરી ગુજરાતની મુલાકાતે આવવાના છે. પ્રાપ્ત માહિતી અનુસાર, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૨૭ અને ૨૮ જૂનનાં રોજ ગુજરાત આવશે. અમદાવાદ ખાતે યોજાનાર ૧૪૮ મી રથયાત્રામાં કેન્દ્રીય ગૃહમંત્રી હાજરી આપશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ રથયાત્રાના દિવસે સવારે ૪ વાગ્યે મંગળા આરતીમાં ઉપસ્થિત રહેશે. આ પ્રવાસ દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના ત્રણ કાર્યક્રમ પણ યોજાશે. ત્યારબાદ મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ સવારે ૬ વાગ્યે પહિંદ વિધિ કરશે.

ત્યારબાદ ગૃહમંત્રી અમિત શાહ ગાંધીનગર જિલ્લામાં ૩ કાર્યક્રમોમાં હાજરી આપશે. તેઓ સૌપ્રથમ કલોલ ખાતે મેડિકલ કોલેજનું ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ ગાંધીનગર ખાતે લાઈબ્રેરીનું ઉદ્ઘાટન તથા ગિફ્ટ સિટી ખાતે કાર્યક્રમમાં હાજરી આપશે. અમદાવાદ અને સાણંદના પણ કાર્યક્રમો હાલમાં નિશ્ચિત કરવામાં આવી રહ્યા છે અને તેમાં પણ હાજરી આપી શકે છે. આ સિવાય અન્ય બેઠકો પણ અમિત શાહ કરી શકે છે.




મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક **www.facebook.com/mirchinews1** સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર **mirchinews**ને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી

Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.